# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાચાં મા-બાપ કોણ ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बंधुश्री सखा त्वमेव
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देव देव

આ શ્લોક તો આપણને દરેક સત્સંગીને મુખાગ્ર હોયજ કારણ કે સાયં પ્રાર્થનામાં આપણા બધા જ મંદિરોમાં સંતો-ભક્તો આ શ્લોકનું પઠન કરે છે.

આ શ્લોકનો અર્થે છે કે આપણા માતા-પિતા, ભાઈ, મિત્ર, વિદ્યા, ધન આ સર્વ કોઈ એક જ હોય તો તે ભગવાન છે. આ વાત સો ટકા સાચી છે એ આ પ્રસંગ વાંચવાથી સમજાશે.

વાત છે વેરવાળ ગામની. ગામમાં રહેનાર માણસોના સ્વભાવ જુઓ તો ગામનું નામ એકદમ યોગ્ય જ લાગે. મૂર્ખાઈ ભરેલાં કાર્યો કે અપરાધોના મૂળમાં ઉધ્ધતાઈ અને અવિવેક જ હોય છે. તેમાં પણ અવિવેક તો બધા દુઃખોનું કારણ છે. આ ગામમાં આવા અવિવેકી લોકો ઘણા હતા.

એકવાર પરમમુક્ત સંતદાસજી સ્વામી કે જેના દર્શન કરનારનો મનખો સુધરી જાય. આવા સંત બદ્રિકાશ્રમ, માનસરોવરની યાત્રા કરીને ગુજરાત તરફ પરત આવતા હતા. ત્યાં સાંજના સમયે રસ્તામાં આ ગામ આવ્યું. સાંજનો સમય, અંધારુ થવા લાગ્યું હતું. ત્યારે થોડા ઉધ્ધતોનું ટોળું ગામની ભાગોળે બેસી જેની તેની નિંદામાં ને પંચાતમાં સમય પસાર કરતું હતું.

આ અવિવેકી, નવરા અને ઉધ્ધત ટોળાની નજીકથી સંતદાસજી સ્વામી પસાર થયા અને આ ટોળાએ સ્વામીને ચોર માની લીધા. અવિવેકીને કોઈ વિચાર જ ન હોય. એ લોકોએ એટલો વિચાર પણ ન કર્યો કે ચોર ગઠીયો હોય તો એની પાસે હથિયાર તો હોય અને આ સ્વામી તો ખાલી હાથે ચાલ્યા આવે છે. પણ આવો વિચાર આવા અવિવેકી પાસે ક્યાંથી હોય !! સ્વામીને પકડ્યા ને મારવા લાગ્યા છતાં સ્વામી કશું જ બોલે નહી. તેથી આવા ઉધ્ધત ટોળામાં વધુ તાકાત આવી. કહેવા લાગ્યા કાંઈ બોલતો નથી. બહુ અઠંગ ચોર લાગે છે. કોઈ દોરડું લઈ આવ્યા ને સ્વામીને બાંધીને ધૂળનો ને પથરાનો વરસાદ સ્વામી પર વરાસવવા લાગ્યા.

સંતદાસજીતો એવા સમર્થ સંત હતા કે જો કરડી દ્રષ્ટિથી આ ટોળા સામું જુએ તો બધાની કાયાના કોચલાં વાળી નાંખે છતાં પણ ક્ષમા રાખીને બેસી રહ્યા. આ અવિવેકી ઉધ્ધતોની ઉધ્ધતાઈ વધવા જ માંડી. ટોળામાંથી કોઈ બોલવા લાગ્યા. બહુ અઠંગ ચોર લાગે છે. તેને બાંધી જ રાખો. તો વળી કોઈ કહે, બાંધી શું કામ રાખવો ! હાથ-પગ કાપી નાંખો ને મુકી દો છૂટો. ત્યાંતો વળી ત્રીજો કહે, મારી જ નાંખોને એટલે કામ જ પતી જાય, શું ખોટી ચિંતા ! આ હિસકારો જોવા આખું ગામ ભાગોળે ભેગું થયેલું. ‘‘તમાસાને તેડું ન હોય’’ જ્યારે કથા-વાર્તા માટે ભેગા કરવા હોય તો કેટલી જાહેરાતો કરવી પડે! પણ આતો જેવું ગામનું નામ તેવા જ ગામના લોકો, કોઈને પણ વિચાર સુધ્ધાં ન આવ્યો.

ત્યાં તો કોઈ પાપી તલવાર લઈને તૈયાર થયો. ટોળું બધું મારો.... મારો.... હીસકારો કરતું તૈયાર થયું. આટલું બધું છતાં સ્વામી તો નિર્ભય થકા પરમાત્માનું સતત સ્મરણ કરતા બેસી જ રહેલા. જ્યાં પ્રહાર કરવાની તૈયારી થઈ ત્યાં તો આ દ્રશ્ય સ્વામિનારાયણ ભગવાનથી સહન ન થયું. સામે પાંચ દસ જણનું ટોળું દોડતું આવ્યું. તેમાં એક સ્ત્રી, એક પુરુષ પ્રૌઢાવસ્થામાં તથા બીજા પાંચ-સાત યુવાનો ત્યાં દોડી આવ્યા. અને જેવા આવ્યા કે તરત જ હાક મારી. ખબડદાર ! કેમ અમારા પુત્રને તમે બાંધ્યો છે ? આ તમારો બાપ ક્યાં ચોર છે ? ચોર તો તમે છો પાપીઓ. અને આ વિકરાળ રૂપ જોઈ આ ઉધ્ધતોના મોતીયાં મરી ગયા.

સંતદાસજીના બંધન છોડ્યા અને માતા-પિતા બનીને આવેલા સ્વામિનારાયણ ભગવાન સંતદાસજીને સાથે લઈ ચાલતા થઈ ગયા. ઉધ્ધતોનું ટોળું અવાચક્ નજરે આ જોતું જ રહી ગયું. બધાના મોઢા પર તાવડીના તળીયા જેવી કાળાશ આવી ગઈ.

સજ્જનો ! આ પાંચ દસ વ્યક્તિ બીજું કોઈ નહી પણ સ્વામિનારાયણ ભગવાન પોતે જ એટલા રૂપે ત્યાં પધાર્યા હતા. સંતદાસજીના માતા-પિતા તથા સંબંધી બનીને મહારાજે તેમની રક્ષા કરી. થોડા આગળ ચાલીને બધા સ્વરૂપો અદ્રશ્ય કરી દીધા. સ્વામી તો પ્રભુની આ લીલાને આનંદપૂર્વક સ્વીકારી જાણે કાંઈ જ ન બનયું હોય તેમ ચાલતા થયા.

આ વાત નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીના પરચા-પ્રકરણમાં નોંધી છે. આ વાત પરથી એટલું જરૂર યાદ રાખવું કે જો ભગવાનનો દ્રઢ અને અનન્ય આશરો હશે, શ્રધ્ધા હશે તો ભગવાન ગમે તેવી આપત્તિમાં પણ આપણી ચોક્કસ રક્ષા કરશે. કારણ કે ભગવાન જ આપણાં સાચા મા-બાપ છે.

●

## સુખનું મૂળ સદાચાર

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

માનવજીવનને સુવ્યવસ્થિત બનાવવા માટે શિક્ષાપત્રીએ કોઈ ખૂણો બાકી રાખ્યો નથી. પરસ્પર દયા અન પ્રેમ વધે એટલે માટે શિક્ષાપત્રીમાં સદાચાર વિશેની વાતો શ્રીહરિએ સમજાવી છે. સારો આચાર એટલે સદ્આચાર (સદાચાર). શિક્ષાપત્રીમાં સદાચાર વાત સમજાવીને શ્રીહરિએ આખાય સમાજ ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. એક માતા પોતાના દીકરાને આમ કરવું, આમ ન કરવું વગેરે બાબતો વાત્સલ્ય સાથે સમજાવે તેમ શિક્ષાપત્રી માતાની જેમ ભક્તજનોને સદાચારથી જીવવાનો અતિ ઉત્તમ માર્ગ બતાવે છે.

સદાચારમાં આહાર શુધ્ધિ પણ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. આજકાલ સમાજમાં માનવી અનેકવિધ રોગોનો ભોગ બની રહ્યો છે. તેનું કારણ છે ''આહાર શુધ્ધિનો અભાવ.'' આજે જ્યાં ને ત્યાં રસ્તામાં, સ્ટેશનો ઉપર, હોટલમાં, દુકાનોમાં અને લારીઓમાં નાસ્તા-પાણી કરવા લોકોની લાઈનો લાગે છે. ગમે ત્યાં રસ્તા વચ્ચે પણ ખાતા આજનો માનવી ખચકાતો નથી. કેવળ અને કેવળ જીભના સ્વાદને વશ થઈને માણસ આવો ખોરાક ખાતો હોય છે. આવા ખોરાકના સેવનથી માણસ અનેક અગમ્ય રોગોમાં સબડાતો જાય છે.

આવા વખતે માણસને કોણ રોકે ? આપણે એટલા ભાગ્યશાળી છીએ કે જેમ માતા બાળકનું ધ્યાન રાખે તેમ શિક્ષાપત્રી માતા તરીકે આ બાબત ઉપર લાલબત્તી ધરે છે, આહાર શુધ્ધિ. જો શુધ્ધ આહાર લેવામાં આવે તેવા વ્યક્તિનું મન શુધ્ધ બને છે. આવા શુદ્ધ મનમાં, પવિત્ર મનમાં સારા વિચારો બને છે. આવા શુધ્ધ મનમાં, પવિત્ર મનમાં સારા વિચારો સ્થિર થાય છે. જ્યાં ત્યાં બજારમાં વેચાતો ખોરાક સદ્ભાવ સાથે તૈયાર થયેલો હોતો નથી પરંતુ કમાણીના ઉદ્દેશ સાથે તૈયાર થયો હોય છે. એવા ખોરાકનું સેવન કરનાર રાજસ અને તામસ પ્રકૃતિનો વશ થઈ જીવનને બરબાદ કરે છે. ખોરાક બનાવનાર ખોરાક તૈયાર કરતી વખતે કેવા વિચારો કરે છે તેની અસર એ ખોરાક જમનારના મન ઉપર પણ થાય છે. એટલે જ કહેવાય છે કે ''જેવું અન્ન એવું મન.''

શિક્ષાપત્રીમાં સૂચવેલી આહારશુધ્ધિની બાબતને જે મનુષ્ય યથાર્થ પાળે તો સદ્વિચાર સાથે પવિત્ર અને નિરોગી જીવન જીવી શકે.

જેમ આહારશુધ્ધિ એ સદાચારનો ભાગ છે તેમ સ્વચ્છતાનું પાલન એ પણ સદાચારનો જ ભાગ છે. આજે ચારેબાજુ સ્વચ્છતા જાળવવા માટે અપીલ કરવામાં આવે છે પરંતુ શ્રીહરિએ આજથી પોણાબસો વર્ષ પહેલા સ્વચ્છતા જળવાય તેવી આજ્ઞાઓને શિક્ષાપત્રીમાં આલેખી છે. જ્યાં ત્યાં મળમૂત્ર ન કરવા, જ્યાં ત્યાં થૂંકવું નહી વગેરે જેવી આજ્ઞાઓ સ્વચ્છતા જાળવવામાં બહુ અગત્યનો ભાગ ભજવે છે.

જો સૂક્ષ્મ દષ્ટિથી વિચાર કરવામાં આવે તો ખ્યાલ આવશે કે પશુઓ જેટલી ગંદકી નથી કરતાં તેથી અનેકગણી વધુ ગંદકી મનુષ્ય કરે છે. માણસો દ્વારા ફેલાવાયેલી ગંદકીને ખસેડવા મહાનગરની સુધરાઈઓને કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. શહેરોમાં મોટી મોટી

અનુસંધાન પેજ નં. ૨૩ પર

બિલ્ડીંગોની સીડીઓ ના ખૂણા, પગથીયામાં નજર કરો તો દેખાશે કે શિક્ષિત ગણાતા માણસો પણ ગમે તેમ થૂંકતા જતા હોય છે. અને પોતાનો જ નાશ નોતરતાં જાય છે. ગંદકીના લીધે કેટલાય રોગો, કેટલાય ચેપ વગેરે દ્વારા અનેક પ્રકારના રોગોથી માણસ દુ:ખી થાય છે.

આ તકલીફથી પોતાના આશ્રિતો તેમજ સારોય સમાજ કેવી રીતે બચી શકે તે સદાચારની બાબત દયા કરીને શ્રીહરિએ શિક્ષાપત્રીમાં સમાવી છે. જો દરેક વ્યક્તિ પોતાની ફરજ સમજીને સ્વચ્છતા જાળવવા પ્રયત્નશીલ બને તો સરકારના કરોડોના ખર્ચ બચી જાય જેનો ઉપયોગ દેશ સેવા માટે થઈ શકે. માણસને સદાચારથી મળતું સુખ જોઈએ છે પણ સદાચાર પાળવો નથી, તે ક્યાંથી બની શકે!! આપણી એક કહેવત છે કે - ‘‘બાવળ વાવીને કેરીના ફળની આશા રાખે તે કેવો ગણાય !’’

ડોકટર પાસે જઈએ ડોકટર દવા આપે પણ એ દવા લેવાની જવાબદારી આપણી છે. જો દવા ન લઈએ ને રોગ ન મટે તેમાં ડોકટરનો શું વાંક ! એમ સ્વામિનારાયણ ભગવાને આપણને વિધિ-નિષેધની દવાના પડીકા તૈયાર આપ્યા છે તે પ્રમાણે આપણે વર્તીએ નહી ને દુ:ખી થઈએ તો એ આપણો વાંક છે. બાકી તો આપણા ઈષ્ટદેવને આપણને સુખી કરવા છે અને આપણે સુખી રહી શકીએ તે માટે શિક્ષાપત્રી સ્વહસ્તે લખી અને આપણને આપી છે.

આજના દિવસે આપણે શિક્ષાપત્રીની આજ્ઞાઓનો યથાર્થ અમલ કરવાની ટેક લઈએ અને સુખી થઈએ.